**ઉમરાળાના મે.પ્રિન્સિપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરાળા**

**રે.દિ.મુ.નં.૧૦૯/૨૦૨૧**

**વાદી: મનજીદાસ જમનાદાસ સવાણી**

**વિરુદ્ધ**

**પ્રતિવાદી: ૧. ભગવાનભાઈ કાળુભાઈ સવાણી વિ.૧**

**વાદી ની આંક–૫ ની સીવીલ પ્રોસીજર કોડના હુકમ–૩૯ ના નિયમ–૧,૨ તથા કલમ–૧૫૧ મુજબ કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ.**

(૧)... આ કામના વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવાવાળી મિલકત પરત્વે કાયમી મનાઈ હુકમ તેમજ વિજ્ઞાપન મેળવવા હેતુ રજુ રાખેલ છે. વાદીએ હાલના દાવા સાથે સીવીલ પ્રોસીજર કોડના હુકમ ૩૯ ના નિયમ ૧ અને ૨ તથા કલમ ૧૫૧ અન્વયે કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટેની હાલની અરજી રજુ રાખેલ છે. વાદીની હાલની અરજીની ટૂંક હકીકત એવી છે કે, વાદી મોજે ઉમરાળા ગામના રહીશ છે. તેમજ વાદીની માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન મોજે ગામ પીપરાળી તા.ઉમરાળાની સીમમાં આવેલ છે. તેમજ વાદીની જમીનનો રે.સ.નં.૧૯૬/૨ પૈકી ૨ છે. અને જેનો ખાતા નં.૨૬૮ છે. જેનું ક્ષેત્રફળ હે.આ.ચો. ૧–૫૧–૭૬ છે. જેનો આકાર રૂા.૬–૪૦ છે. અને તે જમીનમાં વાદી ખેતી કરી ઉપજ નિપજ લે છે. સદરહુ જમીનની ચર્તુદિશા નીચે મુજબ છે.

પૂર્વે:– હંસાબા કિશોરસિંહની ખેતીની જમીન.

પશ્ચિમે: રામજીભાઈ સવાણી તથા તેમના ભાઈની ખેતીની જમીન.

ઉત્તરે: તેઓ વાદીની માલીકીની અન્ય જમીન સ.નં.૧૧૨ ની ખેતીની જમીન તથા તેઓની માલીકીનો આંતરિક રસ્તો.

દક્ષિણે: રમેશભાઈ સવાણી તથા ધનશ્યામભાઈ સવાણીની ખેતીની જમીન.

વધુમાં વાદીએ તેઓની હાલની અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદીઓની માલીકીની ખેતીની જમીનો ઉમરાળાની રે.સં.નં.૧૧૬ હે.૧–૪૧–૧૩ ચો.મી તથા રે.સ.નં.૨૦ પૈકીની ૧ ની પ્રતિવાદી નં.૧ ની માલીકીની આવેલ છે. જયારે પ્રતિવાદી નં.ર ની માલિકીની ઉમરાળાની રે.સ.નં.૧૧૬ તથા રે.સ.નં.૩૮ પૈકી ર ની આવેલ છે. **તેમજ પ્રતિવાદીઓને તેમની જમીનમાં જવા આવવા માટે ઉમરાળા ભાવનગર રોડ ઉપરથી ઉત્તર–દક્ષિણ આવેલ ગાડા માર્ગે થઈને, મોટી કેનાલ વટીને પૂર્વ તરફ સર્વે નં.૧૧૨ ના ઉત્તર શેઢે થઈને, સર્વે નં.૧૧૩ પૈકી ૧ પૈકી ૧ ની પશ્ચિમ શેઢે થઈને તેમની જમીનમાં જવા આવવા માટેનો રસ્તો છે.** એટલે કે પ્રતિવાદીઓને તેમની જમીનમાં જવા આવવા માટેનો તેમની જમીનની ઉત્તર તરફ રસ્તો આવેલ છે. અને તે રસ્તાનો પ્રતિવાદીઓ તેમની જમીનમાં જવા આવવા તથા ખેતીના સાધનો વિગેરે લાવવા લઈ જવાનો ઉપયોગ કરે છે અને કરતા આવેલ છે. અને પ્રતિવાદીઓને તેઓ વાદીની માલીકીની જમીનમાં કોઈપણ શેઢેથી કોઈપણ પ્રકારના હાલ–ચાલના કે અન્ય કોઈપણ પ્રકારના અધિકાર નથી. આમ છતાં આ કામના પ્રતિવાદીઓ આ કામે અગાઉ મામલતદાર દવારા હુકમ થયો હોવાનું ગલત, ખોટું કારણ આગળ ધરી તેઓ વાદીની જમીનમાં ખોટી રીતે હાલવા ચાલવાના હકકો ઉભા કરી રહેલ છે. વધુમાં મામલતદારશ્રી દવારા આવો કોઈ હુકમ થયાનું તેઓની જાણમાં નથી તેમજ તેઓએ તપાસ કરતા આવો કોઈ હુકમ મળી આવેલ ના હોવાનું જણાવેલ છે. તેમજ તેવા કોઈ હુકમ થયા હોય તો તે કામે તેઓ વાદી પક્ષકાર પણ નથી. તેમજ વાદીની જમીન અને પ્રતિવાદીઓની જમીન અલગ–અલગ ગામની જમીન છે. વળી તેઓના પુરોગામીના નામે પણ ખોટું રેકર્ડ ઉભુ કરવા પ્રયત્ન કરવામાં આવી રહેલ છે.

વધુમાં વાદીએ તેઓની હાલની અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, જો પ્રતિવાદીઓ તેઓની જમીનમાં ઉત્તરાદા શેઢે ચાલે તો તેઓની ખેતીની જમીન ઉપર નવો બોજો ઉભો થાય તેમ છે. પ્રતિવાદીઓના ખોટી રીતેના હકક, હિત, અધિકારો

ઉભા થાય તેમ છે. અને તેમ થયેથી તેઓને ન આંકી કે માપી ન શકાય તેવું પારાવાર, અમાપ, નુકશાન, હાલાકી, હાડમારી થાય તેમ છે. તેઓની જમીન નકામી બની જાય અને પ્રતિવાદીઓના કાયમી હકક, અધિકારો ઉભા થાય તેમ હોઈને અને આ કામના પ્રતિવાદીઓના કાયમી હકક, અધિકારો ઉભા થાય તેમ હોઈને અને આ કામના પ્રતિવાદીઓના કોઈપણ જાતના હકક, હિત કે અધિકારો નહિ હોવા છતાં છેલ્લા બે ત્રણ દિવસથી પ્રતિવાદીઓ એકસંપ કરી તેઓના હકક, અધિકારો ઉભા કરવા અને તેઓની ખેતીની જમીનમાંથી જાતે તથા કુંટુંબીજનો મારફતે હાલવા ચાલવા, ખેતીના સાધનો, વાહનો વિગેરે લાવવા લઈ જવા પ્રયત્નો કરતા હોઈને અને તેઓ દવારા પ્રતિવાદીઓને તેમ કરવા ના પાડતાં તેઓ કોઈ દાદ દેતા નથી અને કોઈ હુકમ થયેલ છે તેમ જણાવી ગેરકાયદેસર પ્રયત્નો શરૂ રાખેલ છે. અને તેઓને હુકમના આધારે તેઓ ચાલશે અને તેઓ કાંઈ બોલીશું કે અટકાયત કરીશું તો તેઓને ગંભીર પ્રકારના ફોજદારી કેસોમાં ફસાવી દેશે તેવી ધમકી આપે છે. તેમજ આ કામના પ્રતિવાદીઓને તેઓની જમીનમાં આવો કોઈ સુખાધિકાર કે કોઈપણ જાતના અધિકાર નથી આમ છતાં પ્રતિવાદીઓ દવારા છેલ્લા બે–ત્રણ દિવસથી તેઓની માલિકીની જમીનની ઉત્તર શેઢેથી હાલવા ચાલવાના પ્રયત્નો શરૂ કરેલ હોય અને તેમ ન કરવા પ્રતિવાદીઓને વિનંતિ કરતા, ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકીઓ આપતા હોય અને પ્રતિવાદીઓને તેવા કોઈ અધિકાર ન હોય જેથી તેઓ વાદીને પ્રતિવાદીઓના ગેરકાયદેસરના કૃત્યોને અટકાવવા હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે. વધુમાં વાદીએ તેઓની હાલની મનાઈ અરજીના પેરા નં.૧૩ માં જણાવ્યા મુજબ હાલનો દાવો કરવાનું તેમજ હાલની અરજી કરવાનું કારણ જણાવેલ છે.

વધુમાં વાદીએ તેઓની હાલની અરજીમાં એવી રજૂઆત કરેલ છે કે, તેઓ વાદીએ હાલની અરજી વચગાળાના મનાઈહુકમ માટેની કરેલ છે. તેમજ માંગ્યા મુજબનો હુકમ આપવામાં ન આવે તો તેઓ વાદીને પારાવાર હાલાકી, હાડમારી,અને મુશ્કેલી થાય. તેઓની માલીકીની જમીનમાં પ્રતિવાદીઓને કોઈપણ પ્રકારે હાલ–ચાલના

કે અન્ય પ્રકારના અધિકારો ન હોવા છતાં તેવા અધિકારો ગેરકાયદેસર રીતે ઉભા થઈ જાય. તેઓને પારાવાર મુશ્કેલી થાય. તેઓની જમીનમાં અધિકારો ઉપર તરાપ પડે. તેઓની જમીન નકામી બની જાય. જમીનમાં દબાણ થાય. અને તેઓને આર્થીક, માનસીક, સામાજીક નુકશાન થાય. પ્રતિવાદીના ગેરકાયદેસરના કૃત્યોને પ્રોસ્તાહન મળે અને તેઓને નાણામાં આંકી કે માપી ન શકાય તેવું અમાપ નુકશાન થાય તેમ છે. તેમજ માંગ્યા મુજબનો હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને તેવું કોઈ જ નુકશાન જાય તેમ નથી. તેઓ વાદીનો પ્રથમદર્શનિય કેસ છે. સગવડતા અગવડતાની સમતુલા તેઓ વાદીના પક્ષે છે. જેથી અરજીની વિગતે માંગ્યા મુજબનો વચગાળાનો કામચલાઉ મનાઈહુકમ મંજૂર કરવા જણાવેલ છે. જેથી માંગ્યા મુજબની દાદ મંજૂર કરી કામ ચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરુદઘ આપવા અરજ કરેલ છે.

(૨)... આ કામે વાદી તરફે આંક–૪ ના દસ્તાવેજી લીસ્ટ થી માર્ક–૪/૧ થી ૪/૬ ના દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

(૩)... વાદીના દાવા અને મનાઈ હુકમની અરજના સમન્સ/નોટીસો પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદી નં.૧ તર્ફે વિ.વ.શ્રી એસ.એસ.ડોડીયાનાઓ તેમજ પ્રતિવાદી નં.ર તર્ફે વિ.વ.શ્રી એમ.વી.સોજીત્રાનાઓ હાજર થયેલ છે. ત્યારબાદ હાલના કામે પ્રતિવાદી નં.૧,ર તર્ફે આંક–ર૮ થી તેઓનો દાવા અરજી તેમજ મનાઈ અરજીનો જવાબ રજૂ રાખેલ છે. જેમાં એવી હકીકત જણાવેલ છે કે, વાદીનો દાવો કાયદેસરનો નથી, દાવો કરવા કોઈ કારણ નથી, વાદીના દાવાને ડીલે અને લેચીઝનો બાધ નડે છે. વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝ અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. વાદીના દાવાને રેસ–જ્યુડીકેટાનો બાધ નડે છે. વાદીએ સત્ય હકીકતો છુપાવેલ છે.

વધુમાં પ્રતિવાદીઓએ તેઓના દાવા–જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે, સદર દાવો દાખલ કરતા વાદી દવારા નામ.કોર્ટ સમક્ષ મહાલકારી સાહેબના હુકમનો ઉલ્લેખ દાવા અરજીમાં જણાવેલ છે તેમજ સદરહુ વાદવાળા રસ્તા અંગે વાદી ખુદ તે કેસમાં પંચ સાહેદ તરીકે હાજર રહેલ હોય અને તે કામે પ્રતિવાદીઓ તથા હંસાબા કિશોરસિંહ ગોહિલના કેસના હુકમની જાણકારી હોવા છતાં તે હકીકત જાણી જોઈ છુપાવી એકતરફી સ્ટેટસ કવો મેળવેલ. જે સ્ટેટસ કવો દયાને લેતા વાદીનો કાયમી મનાઈહુકમ મંજુર થઈ ગયેલ હોય તે રીતની વચગાળાની દાદ મંજૂર થયા બરાબર દયાને લેતા જણાઈ આવતુ હોય અને તેઓ પ્રતિવાદીની જમીનમાં ખેતી ન કરી શકીએ તે રીતની ખોટી હકીકતો જણાવી મેળવેલ મનાઈહુકમ વેકેટ કરવા તેઓ પ્રતિવાદીઓએ આંક–૨૧ થી અરજી આપેલ. જેથી આપેલ સ્ટેટસ કવો અરજીની વિગતે વેકેટ કરવા હુકમ કરવા અરજ છે.

વધુમાં પ્રતિવાદીઓએ તેઓના દાવા–જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે, વાદીની અરજીના પેરા નં.૧ માં જણાવેલ હકીકત તેઓને સાબિત કરવા ફરજ પાડશો તેમજ પેરા નં.૨ માં જણાવેલ હકીકતો ખરી તેમજ કાયદેસરની ના હોય સાબિત કરવા ફરજ પાડશો. તેમજ વાદીના પેરા નં.૩ ની હકૂમતની તેઓ પ્રતિવાદીઓ ઈન્કારી કરે છે. તેઓ પ્રતિવાદીઓ સામે વાદી જે સ્વરૂપનો દાવો લાવી દાદ માંગેલ છે તે દયાને લેતા સદરહુ દાવો મામલતદાર કોર્ટ અધિનિયમ–૧૯૦૬ મુજબ મામલતદાર કોર્ટ એકટની કલમ–૫(૨) મુજબ મામલતદારશ્રીએ સને ૧૯૦૬ મુજબ દાવો દાખલ થઈ શકે. જેથી સદરહુ દાવો મામલતદાર કોર્ટ એકટના કાયદા મુજબ તે કોર્ટની હકૂમત ઓવરટેક કરી અત્રેની અદાલતમાં જે દાવો દાખલ કરેલ છે તે દાવો હાલની કોર્ટને ચલાવવા હકૂમત નથી.

વધુમાં પ્રતિવાદીઓએ તેઓના દાવા–જવાબમાં એવી રજૂઆત કરેલ છે કે, આ કામના વાદી નામ.કોર્ટ સમક્ષ જયારે ન્યાય લેવા ચોખ્ખા હાથે ન આવતા હોય ત્યારે તેઓ નામ.કોર્ટની કોઈ મદદને હકકદાર નથી. વાદી નામ.કોર્ટ સમક્ષ સાચી

હકીકત છુપાવીને આવેલ હોય જેથી વાદીને કોઈપણ જાતનો ન્યાયીક મદદ મળી શકે નહી. તેમજ વાદીની દાવા અરજી અને મનાઈ અરજીમાં કોઈ ન્યાયી કે વ્યાજબી કારણ નથી.

વધુમાં પ્રતિવાદીઓએ તેઓના દાવા–જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે, ખરી હીકીકતે **સ.નં.૧૯૫/૪ તથા ૧૯૬/૨/પૈકી/૪ ની ઉત્તર દીશાના શેઢેથી પશ્ચિમથી પૂર્વ તરફ જતો ગાડા માર્ગ રસ્તો હળ, સાતિ, ટ્રેકટર તથા હાલવા ચાલવા માટે તેઓ પ્રતિવાદી નં.૧ ના પિતાશ્રીએ મામલતદાર કોર્ટ એકટની કલમ ૫(૨) અન્વયે દાવો દાખલ કરતા સદરહુ દાવો મહાલકારીશ્રીએ તારીખ ૩૧/૧૨/૧૯૬૦ ના રોજ રસ્તો ખુલ્લો કરવાનો હુકમ આ કામના વાદીના ગુજરનાર પિતાશ્રી વિગેરે સામે રસ્તો ખુલ્લો કરવાનો હુકમ કરેલ.** ત્યારબાદ વાદી કે તેમના પિતાશ્રીએ આજદીન સુધી તારીખ ૩૧/૧૨/૧૯૬૦ ના હુકમની સામે કોઈ પ્રાંત અધિકારીશ્રી સમક્ષ રીવીઝન અરજી કરેલ નથી કે એપેલેટ ઓથોરીટી સમક્ષ કોઈ કાર્યવાહી કે કોઈ દાદ માંગેલ નથી. જેથી તે હુકમ મુજબ આજદીન સુધી વાદીએ વાદવાળી જગ્યા અંગે ૧૯૬૦ થી પ્રતિવાદીઓને રસ્તાનો ઉપયોગ કરતા અટકાવવા કોઈ તકરાર લીધેલ નથી. અને જે વ્યકિતએ તેઓ પ્રતિવાદીઓને રસ્તાનો ઉપયોગ કરતા અટકાવતા તેની સામે તેઓ પ્રતિવાદી નં.૧ નાએ નામ.મામલતદાર શ્રી સમક્ષ હંસાબા કિશોરસિંહ ગોહિલ સામે મામ.કોર્ટ/કેસ/નંબર ૩/૨૦૨૦ તારીખ ૧૨/૧૧/૨૦૨૦ ના રોજ તેઓ પ્રતિવાદીના લાભમાં રસ્તો ખુલ્લો કરવાનો મામલતદારશ્રીએ હુકમ કરેલ છે. તે આ હુકમની સામે હંસાબા કિશોરસિંહ ગોહિલે પ્રાંત અધિકારીશ્રી સમક્ષ મામ.કોર્ટ/રીવીઝન/અરજી/નંબર/૭/૨૦૨૦ તા.૨૦/૦૪/૨૦૨૧ ના રોજ તેઓ પ્રતિવાદી નં.૧ ના લાભમાં વાદવાળી જગ્યા સંબંધેનો હુકમ કાયમ કરેલ છે. એટલે કે હંસાબા કિશોરસિંહ ગોહિલની રીવીઝન અરજી રદ કરેલ છે. તે હુકમ તેઓ પ્રતિવાદી નં.૧ ના લાભમાં થયેલ હોય અને રસ્તો ખુલ્લો કરવાનો હુકમ થયેલ હોવા છતાં આ કામના વાદી તથા હંસાબા કિશોરસિંહ ગોહિલના કુ.મુ પદુભા કિશોરસિંહ

વિગેરે જાતે મેળાપીપણા કરી મામલતદારશ્રી, ઉમરાળા તથા પ્રાંત અધિકારીશ્રી શિહોર સમક્ષ હારી જતા હાલનો ખોટો દાવો દાખલ કરેલ છે જે રદ થવા પાત્ર છે.

વધુમાં પ્રતિવાદીઓએ તેઓના દાવા–જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે, વાદીનો કોઈ પ્રથમદર્શનિય કેસ નથી. વાદીને મનાઈહુકમ આપવામાં આવે તો તેમને કોઈપણ જાતનું નુકશાન થતું નથી. બલ્કે તેઓ પ્રતિવાદીને નાણાંમાં ના આંકી શકાય તેમજ ના માપી શકાય તેવું નુકશાન થાય તેમ છે. તેઓ પ્રતિવાદીઓની ખેતીની જમીનમાં સાધનો લઈ વાવેતર કરી શકે નહી તેમજ મનાઈહુકમ આપવાથી તેઓ પ્રતિવાદીઓના ખેતી કરવા અંગેના તમામ હકકો માર્યો જાય તેમ છે. તેઓ પ્રતિવાદીને નાણાંકીય નુકશાન તથા હાર્ડશીપ પડે તેમ છે. સગવડતાની સમતુલા તેઓ તર્ફે છે. વાદીઓનો મનાઈહુકમ મળવાપાત્ર કોઈ કેસ નથી. જેથી વાદીની હાલની મનાઈઅરજીમાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા વાદી હકકદાર ઠરતા નથી.

(૪)... આ કામે પ્રતિવાદી નં.ર તર્ફે આંક–ર૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટ થી માર્ક–ર૩/૧ થી ર૩/૧૭ ના તેમજ આંક–ર૯ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક–ર૯/૧ ના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

(પ)... આ કામે વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી પી.એલ.સોનપાલ નાઓએ તેઓની મૌખિક દલીલમાં એવી હકીકત જણાવેલ છે કે, હાલના કામે પ્રતિવાદી તર્ફે માર્ક–ર૩/૧ થી રજુ રાખવામાં આવેલ ૧૯૬૦ ના હુકમમાં કોઈ કેસ નંબર નથી. તેમજ પ્રતિવાદીઓને વાદીની જમીનમાંથી ચાલવાનો કોઈ ઈઝમેન્ટરી રાઈટ નથી. તેમજ સને ૧૯૬૦ માં થયેલ હુકમનું અમલીકરણ થયેલ નથી.ગામ નમૂના નં.૭/૧ર માં સદરહુ હુકમની કોઈ નોંધ પડેલ નથી. તેમજ હાલના કામે આંક–૧૪ થી પંચરોજકામ રજુ થયેલ છે. પ્રતિવાદીને તેઓની જમીનમાં આવવા જવાનો વૈકલ્પિક રસ્તો આવેલ હોવાનું પંચરોજકામમાં ઉલ્લેખ છે. તેમજ તેઓ વાદી તર્ફે રજુ રાખવામાં

આવેલ નકશામાં ઉમરાળા અને પીપરાળી ને જોડતો કોઈ રસ્તો આવેલ નથી. જેથી વચગાળાનો મનાઈહુકમ મંજૂર કરવા અરજ કરેલ છે. વધુમાં વાદી તર્ફે આંક–૪૯ થી લેખિત દલીલો રજુ રાખવામાં આવેલ છે. જે સમગ્રતયા હાલની કોર્ટ દવારા વંચાણે લેવામાં આવેલ છે.

ત્યારબાદ પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી એસ.એસ.ડોડીયાનાઓએ તેઓની મૌખિક દલીલમાં એવી રજૂઆત કરેલ છે કે, સને ૧૯૬૦ પહેલાથી તકરારી રસ્તામાંથી પ્રતિવાદીઓના વડીલ તેમજ પ્રતિવાદી ચાલી આવેલ છે. તેમજ સને ૨૦૧૯ સુધી વાદીએ પ્રતિવાદીને અટકાવેલ નથી. તેમજ જમીન ખરીદયા બાદ વાદીએ તકરારી રસ્તો બંધ કરી દીધેલ. તેમજ રસ્તા બાબતના હુકમની નોંધ ૭/૧૨ માં પાડવી સને ૨૦૧૫ પહેલા જરૂરી ન હતી. તેમજ સને ૧૯૬૦ માં થયેલ હુકમને વાદીએ ચેલેન્જ કરેલ નથી. તેમજ સને ૧૯૬૦ ના હુકમનું મામલતદારશ્રીએ તેમજ નાયક કલેકટરશ્રીએ પણ તેઓના હુકમમાં ઉલ્લેખ કરેલ છે. વધુમાં વાદી તર્ફે આંક–૪૭ થી લેખિત દલીલો રજુ રાખવામાં આવેલ છે. જે સમગ્રતયા હાલની કોર્ટ દવારા વંચાણે લેવામાં આવેલ છે.

**(૬)...** આમ, ઉપરોકત તમામ હકીકત, રજુઆત, રેકર્ડ પરથી હાલની વાદીની આંક–૫ ની મનાઈ હુકમની અરજ નિર્ણીત કરવા સારુ મારી સમક્ષ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

૧.. શું વાદી સાબીત કરે છે કે તેઓનો પ્રથમ દર્શનિય કેસ છે?

૨.. શું વાદી પુરવાર કરે છે કે અગવડતા અને સમતુલાની દ્રષ્ટીએ તેઓનો કેસ છે?

૩.. શું મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણામાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન થવા સંભવ છે?

૪.. શું હુકમ?

(૭)... ઉપરોકત મુદ્દાને લગતા મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

**-:: નિર્ણય ::-**

**૧.. નકારાત્મક.**
**૨.. નકારાત્મક.**
**૩.. નકારાત્મક.**
**૪.. આખરી હુકમ મુજબ.**

**-:: કા ર ણો ::-**

આ કામે ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોવાથી હકીકતોનુ પુનરાવર્તન ટાળવા માટે તમામ મુદ્દાઓના કારણોની ચર્ચા એકી સાથે નીચે મુજબ કરવામા આવેલ છે.

**મુદ્દા નંબર-૧ થી ૩ ની સંયુકત ચર્ચા:**

(૮)... વાદીનાઓની હાલની મનાઈ અરજી વંચાણે લીધી. તેમજ પ્રતિવાદીનાઓએ હાલની અરજી વિરુદધ રજૂ રાખેલ દાવા જવાબ વંચાણે લીધો. રેકર્ડ વંચાણે લીધું. બંને પક્ષે રજૂ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. તેમજ બંને પક્ષે કરવામાં આવેલ મૌખિક દલીલ દયાને લીધી. હવે મનાઈ અરજી નકકી કરતી વખતે દયાનમાં રાખવાના આવશ્યક ઘટકો જોઈએ તો,

***Essential elements to grant or refuse interim injunctions :***

It is pertain to note that the power to grant a temporary injunction is in the discretion of the court, this discretion however should be exercised reasonably judiciously and on the legal principles. Injunction should not lightly granted as it adversely affects the other side, Generally,

before granting the injunction, court must satisfied about the following aspects namely, prima facie case, irreparable injury / loss and balance of convenience.The first rule is that the applicant must out a prima facie case in support of the right claimed by him, court must be satisfied that there is a bonafide dispute raised by the applicant, there is strong case for trail which needs investigation. A prima facie case does not mean a case proved to the hilt but a case which can be said to be established if the evidence which is led in support of the same were believed, while determining whether a prima facie case had been made out the relevant consideration is whether on the evidence led it was possible to arrive at the conclusion in question and not whether that was the only conclusion which could be arrived at on that evidence.

Existence of the prima facie case alone does not entitled the applicant for a temporary injunction, but the applicant must satisfied the court that he will suffer irreparable injury if the injunction as prayed for is not granted and that there is no other remedy open to him by which he can protect himself from the consequences of apprehended injury.

Third condition for granting interim injunction is that the balance of convenience

must be in favour of the applicant. In the words, court must be satisfied that the comparatives mischief hardship or inconveniences which is likely to be caused to the applicant by refusing the injunction will be greater than that which is likely to be caused to the opposite party by granting it.

આમ, વચગાળાની મનાઈ અરજી ડીસાઈડ કરતી વખતે ઉપરોકત સિદધાંત નજર સમક્ષ ન્યાયની અદાલતે રાખવાનો હોય છે. હવે હાલના કામે વાદી નાઓએ એવી રજૂઆત કરેલ છે કે, પ્રતિવાદીઓને તેમની જમીનમાં જવા આવવા માટે ઉમરાળા ભાવનગર રોડ ઉપરથી ઉત્તર–દક્ષિણ આવેલ ગાડા માર્ગે થઈને, મોટી કેનાલ વટીને પૂર્વ તરફ સર્વે નં.૧૧૨ ના ઉત્તર શેઢે થઈને, સર્વે નં.૧૧૩ પૈકી ૧ પૈકી ૧ ની પશ્ચિમ શેઢે થઈને તેમની જમીનમાં જવા આવવા માટેનો રસ્તો છે. એટલે કે પ્રતિવાદીઓને તેમની જમીનમાં જવા આવવા માટેનો તેમની જમીનની ઉત્તર તરફ રસ્તો આવેલ છે. અને તે રસ્તાનો પ્રતિવાદીઓ તેમની જમીનમાં જવા આવવા તથા ખેતીના સાધનો વિગેરે લાવવા લઈ જવાનો ઉપયોગ કરે છે અને કરતા આવેલ છે. અને પ્રતિવાદીઓને તેઓ વાદીની માલીકીની જમીનમાં કોઈપણ શેઢેથી કોઈપણ પ્રકારના હાલ–ચાલના કે અન્ય કોઈપણ પ્રકારના અધિકાર નથી. આમ છતાં આ કામના પ્રતિવાદીઓ આ કામે અગાઉ મામલતદાર દવારા હુકમ થયો હોવાનું ગલત, ખોટું કારણ આગળ ધરી તેઓ વાદીની જમીનમાં ખોટી રીતે હાલવા ચાલવાના હકકો ઉભા કરી રહેલ છે. વધુમાં મામલતદારશ્રી દવારા આવો કોઈ હુકમ થયાનું તેઓની જાણમાં નથી તેમજ તેઓએ તપાસ કરતા આવો કોઈ હુકમ મળી આવેલ ના હોવાનું જણાવેલ છે. તેમજ તેવા કોઈ હુકમ થયા હોય તો તે કામે તેઓ વાદી પક્ષકાર પણ નથી. તેમજ વાદીની જમીન અને પ્રતિવાદીઓની જમીન અલગ–અલગ ગામની જમીન છે. વળી તેઓના પુરોગામીના નામે પણ ખોટું રેકર્ડ ઉભુ કરવા પ્રયત્ન કરવામાં આવી રહેલ છે.

જે હકીકતોનો પ્રતિવાદી તર્ફે વિરોધ કરવામાં આવેલ છે. તેમજ એવી રજુઆત કરેલ છે કે, વાદીનો દાવો કાયદેસરનો નથી, દાવો કરવા કોઈ કારણ નથી, વાદીના દાવાને ડીલે અને લેચીઝનો બાધ નડે છે. વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝ અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. વધુમાં જણાવેલ છે કે, સ.નં.૧૯૫/૪ તથા ૧૯૬/૨/પૈકી/૪ ની ઉત્તર દીશાના શેઢેથી પશ્ચિમથી પૂર્વ તરફ જતો ગાડા માર્ગ રસ્તો હળ, સાતિ, ટ્રેકટર તથા હાલવા ચાલવા માટે તેઓ પ્રતિવાદી નં.૧ ના પિતાશ્રીએ મામલતદાર કોર્ટ એકટની કલમ ૫(૨) અન્વયે દાવો દાખલ કરતા સદરહુ દાવો મહાલકારીશ્રીએ તારીખ ૩૧/૧૨/૧૯૬૦ ના રોજ રસ્તો ખુલ્લો કરવાનો હુકમ આ કામના વાદીના ગુજરનાર પિતાશ્રી વિગેરે સામે રસ્તો ખુલ્લો કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ વાદી કે તેમના પિતાશ્રીએ આજદીન સુધી તારીખ ૩૧/૧૨/૧૯૬૦ ના હુકમની સામે કોઈ પ્રાંત અધિકારીશ્રી સમક્ષ રીવીઝન અરજી કરેલ નથી કે એપેલેટ ઓથોરીટી સમક્ષ કોઈ કાર્યવાહી કે કોઈ દાદ માંગેલ નથી. જેથી તે હુકમ મુજબ આજદીન સુધી વાદીએ વાદવાળી જગ્યા અંગે ૧૯૬૦ થી પ્રતિવાદીઓને રસ્તાનો ઉપયોગ કરતા અટકાવવા કોઈ તકરાર લીધેલ નથી. અને જે વ્યકિતએ તેઓ પ્રતિવાદીઓને રસ્તાનો ઉપયોગ કરતા અટકાવતા તેની સામે તેઓ પ્રતિવાદી નં.૧ નાએ નામ.મામલતદારશ્રી સમક્ષ હંસાબા કિશોરસિંહ ગોહિલ સામે મામ.કોર્ટ/કેસ/નંબર ૩/૨૦૨૦ તારીખ ૧૨/૧૧/૨૦૨૦ ના રોજ તેઓ પ્રતિવાદીના લાભમાં રસ્તો ખુલ્લો કરવાનો મામલતદારશ્રીએ હુકમ કરેલ છે. તે આ હુકમની સામે હંસાબા કિશોરસિંહ ગોહિલે પ્રાંત અધિકારીશ્રી સમક્ષ મામ.કોર્ટ/રીવીઝન/અરજી/નંબર/૭/૨૦૨૦ તા.૨૦/૦૪/૨૦૨૧ ના રોજ તેઓ પ્રતિવાદી નં.૧ ના લાભમાં વાદવાળી જગ્યા સંબંધેનો હુકમ કાયમ કરેલ છે. એટલે કે હંસાબા કિશોરસિંહ ગોહિલની રીવીઝન અરજી રદ કરેલ છે. તે હુકમ તેઓ પ્રતિવાદી નં.૧ ના લાભમાં થયેલ હોય અને રસ્તો ખુલ્લો કરવાનો હુકમ થયેલ હોવા છતાં આ કામના વાદી તથા હંસાબા કિશોરસિંહ ગોહિલના કુ.મુ પદુભા કિશોરસિંહ

વિગેરે જાતે મેળાપીપણા કરી મામલતદારશ્રી, ઉમરાળા તથા પ્રાંત અધિકારીશ્રી શિહોર સમક્ષ હારી જતા હાલનો ખોટો દાવો દાખલ કરેલ છે જે રદ થવા પાત્ર છે.

હવે વાદી તર્ફે જે દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખવામાં આવેલ છે તે જોઈએ તો, વાદી તર્ફે માર્ક–૪/૧ થી સર્વે નં.૧૯૬/૨ પૈકી ૨ ના ગામ નમૂના નં.૮–અ તેમજ ૭/૧૨ ની કોમ્પ્યુટર કોપી રજુ રાખેલ છે. જે વંચાણે લેતાં કબજેદાર તરીકે મનજીભાઈ જમનાદાસ સવાણીનું નામ દર્શાવેલ છે. તેમજ માર્ક–૪/૨ થી પીપરાળી ગામના રે.સર્વે નં.૧૯૬/૨ પૈકી ૨ ના ટીપ્પણ તથા વગડાબુક ની નકલ રજુ રાખેલ છે. તેમજ માર્ક–૪/૩ થી પ્રતિવાદીના સર્વે નં.૧૧૬ ના ગામ નમૂના નં.૭/૧૨ તથા ૮–અ તેમજ માર્ક–૪/૪ થી પ્રતિવાદીના સર્વે નં.૧૧૬ પૈકી ૧ ના ગામ નમૂના નં.૭/૧૨ તેમજ ૮–અ ની નકલ રજુ રાખેલ છે. જે વંચાણે લેતાં સર્વે નં.૧૧૬ વાળી જમીન પ્રતિવાદીના નામે કબજેદાર તરીકે દર્શાવેલ છે. તેમજ માર્ક–૪/૫ થી પીપરાળી ગામનો ગામતળનો ડી.એલ.આર.આઈ નકશો તેમજ માર્ક–૪/૬ થી ઉમરાળા ગામનો સીમતળનો ડી.એલ.આર.આઈનો નકશો રજુ રાખેલ છે. સદરહુ બંને નકશા વંચાણે લેતાં વાદીના જણાવ્યા મુજબનો પ્રતિવાદીઓને તેઓના સર્વે નં.૧૧૬ માં જવા–આવવા માટેનો રસ્તો એટલે કે **પ્રતિવાદીઓને તેમની જમીનમાં જવા આવવા માટે ઉમરાળા ભાવનગર રોડ ઉપરથી ઉત્તર–દક્ષિણ આવેલ ગાડા માર્ગે થઈને, મોટી કેનાલ વટીને પૂર્વ તરફ સર્વે નં.૧૧૨ ના ઉત્તર શેઢે થઈને, સર્વે નં.૧૧૩ પૈકી ૧ પૈકી ૧ ની પશ્ચિમ શેઢે થઈને તેમની જમીનમાં જવા આવવા માટેનો રસ્તો આવેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવતુ નથી.** વધુમાં વાદીના જણાવ્યા મુજબનો રસ્તો પ્રતિવાદીઓનો ઉપરોકત હકીકતેનો આવેલ હોવા અંગેના કોઈ ઠોસ પુરાવા હાલના કામે રજુ રાખેલ નથી.

વધુમાં હાલના કામે પ્રતિવાદી નં. ૨ તર્ફે જે દસ્તાવેજી પુરાવા રજૂ રાખવામાં આવેલ છે તે જોતાં માર્ક–૨૩/૧ થી ઉમરાળાના મહાલકારીશ્રી નો તા.૩૧/૧૨/૧૯૬૦ ના હુકમની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે. જે વંચાણે લેતાં તેમાં પેજ

નં.૩ ના પેરેગ્રાફ નં.૨ માં એવું તારણ દર્શાવેલ છે કે, '' આ બાબત સરવે ખાતેથી લાગુ નંબરનું ટીપણ મંગાવતા તેમાં આ નંબરમાં જવા માટે રસ્તો બતાવેલ નથી એટલે રસ્તા બાબત કોઈ દફતરી આધાર ન હોય ચાલુ વહીવટને અનસરીને નિર્ણય લેવાનો રહે છે. ઉમરાળાની જમીનમાં જવા માટે ઉમરાળા ગામની સીમમાંથી જ રસ્તો આપવો જોઈએ તે પ્રતિવાદીની દલીલ માન્ય રાખી શકાય તેવી નથી. વાદી પ્રતિવાદીના નંબરમાંથી પોતાના સરવે નં.૧૧૬ માં જતા તે હકીકત બંન્ને પક્ષકારો કબૂલ કરે છે. સ્થાનીક જગ્યા જોતાં વાદીને પોતાના નંબરમાં જવા માટે વાદવાળા રસ્તા સિવાય બીજો કોઈ અનુકૂળ રસ્તો નથી. તેથી વાદીનો કાયમી રસ્તો સરવે નં.૧૧૬ માં જવા માટેનો પ્રતિવાદીના પીપરાળીના નંબરને (અવાચ્ય) જે જગ્યાએ હાલી જાય છે તે જગ્યાએ કાયમી હકક હોવાનું હું સાબીત માનું છું''

વધુમાં પ્રતિવાદી તર્ફે માર્ક–૨૩/૨ થી મામલતદાર કોર્ટ કેસ નં.૩/૨૦૨૦ ના કામે તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ થયેલ હુકમની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે. જે વંચાણે લેતા જેમાં એવો હુકમ કરવામાં આવેલ છે કે, ''ઉમરાળા તાલુકાના ઉમરાળા ગામની સ.નં.૧૧૬ ની જમીનમાં જવા આવવાનો મહાલકારી ઉમરાળા તા.૩૦/૧૨/૬૦ ના હુકમ મુજબ હંસાબા કિશોરસિંહ ગોહિલએ વેચાણ રાખેલ પીપરાળી ગામની જમીન સીમ સ.નં.૧૯૫/૪ તથા સ.નં.૧૯૬/૨ પૈ૪ ની ઉત્તર દિશાના શેઢેથી પશ્ચિમથી પૂર્વ તરફ જતો ગાડા માર્ગ રસ્તો હંસાબા કિશોરસિંહ ગોહિલએ ખેડાણ–ખાડા કરી તથા માટી રેતીના ઢગલા કરી બંધ કરેલ હોય હંસાબા કિશોરસિંહ ગોહિલએ પોતાના ખર્ચ અને જોખમે હુકમ તારીખથી દિવસ–૩૦ માં સદરહુ માર્ગ ખુલ્લો કરી મૂળ સ્થિતિમાં લાવવા હુકમ કરવામાં આવે છે. ભગવાનભાઈ કાળુભાઈ સવાણીને તેઓના ઉમરાળા સીમ સ.નં.૧૧૬ માં જવા મૂળ રસ્તેથી પ્રવેશવામાં આ કામના સામાવાળાઓએ કરેલ અટકાયત સામે મામલતદાર કોર્ટ અધિનિયમ ૧૯૦૬ ની કલમ–૨૧(૨) હેઠળ મનાઈહુકમ આપવામાં આવે છે. જે આ હુકમની અવજ્ઞા કરવા બદલ મામલતદાર કોર્ટ અધિનિયમ ૧૯૦૬ ની કલમ–૨૧(૪)

મુજબ ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ ની કલમ–૧૮૮ હેઠળ શિક્ષા થઈ શકે છે. આ મનાઈહુકમની સામે કલમ–૨૩(૨ ) હેઠળ ફેરતપાસ કરવાની સત્તા નાયબ કલેકટરશ્રીને છે. આ મનાઈહુકમ આ અધિનિયમની કલમ ૨૩(૨) અને કલમ–૨૨ ની જોગવાઈ મુજબ સક્ષમ ઓથોરીટી કે નામદાર દિવાની કોર્ટ રદ ન કરે ત્યાં સુધી અમલને પાત્ર રહેશે.'' તેવો હુકમ કરવામાં આવે છે.

વધુમાં પ્રતિવાદી તર્ફે માર્ક–૨૩/૩ થી પ્રાંત અધિકારીશ્રી સમક્ષ કરેલ રીવીઝન અરજી નંબર ૭/૨૦૨૦ ના કામે તા.૨૦/૦૪/૨૦૨૧ ના હુકમની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે. જે હુકમ વંચાણે લેતાં મામલતદારશ્રી ઉમરાળાનાઓએ મામ.કોર્ટ એકટ કેસ નં.૩/૨૦૨૦ ના કામે તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ કરેલ હુકમ યથાવત રાખવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદી તર્ફે માર્ક–૨૩/૪ થી દાવાવાળા તકરારી સ્થળનું સર્કલ ઓફીસર ઉમરાળાનાઓ દવારા કરવામાં આવેલ રોજકામની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે.

ઉપરોકત હકીકતે પ્રતિવાદી તર્ફે જે દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે. તે જોતાં વાદી તર્ફે સદરહુ દસ્તાવેજોથી વિરુદધની હકીકતો દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે હાલના તબકકે રજુ રાખવામાં આવેલ નથી.

વધુમાં વાદી તર્ફે એવી દલીલ કરવામાં આવેલ છે કે હાલના કામે કોર્ટ કમિશ્નરશ્રીનાઓ દવારા કરવામાં આવેલ પંચનામામાં પણ તેઓ વાદીના જણાવ્યા મુજબનો પ્રતિવાદીઓને તેઓની જમીનમાં જવા–આવવા માટેનો રસ્તો આવેલ હોવાનું દર્શાવેલ છે. જેથી પ્રતિવાદીને તેઓની જમીનમાં જવા–આવવા માટેનો વૈકલ્પિક રસ્તો આવેલ છે. પરંતુ સદરહુ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. કેમકે, સદરહુ એકમાત્ર પંચનામા સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો વાદી તર્ફે સદરહુ પંચનામામાં દર્શાવ્યા મુજબનો પ્રતિવાદીઓનો રસ્તો આવેલ હોવાનો રજુ રાખેલ નથી. વધુમાં કોર્ટ કમિશ્નરશ્રીનાઓ દવારા સ્થળ સ્થિતિનો કોઈ નકશો તૈયાર કરવામાં આવેલ નથી. જેથી એકમાત્ર પંચરોજકામ ઉપર હાલના તબકકે આધાર રાખી શકાય નહિ.

આમ, હાલના કામે બંને પક્ષે રજૂ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવો તેમજ કરવામાં આવેલ રજૂઆતો હાલના તબકકે દાવાવાળી જમીનમાં આવેલ તકરારી રસ્તા પરત્વે વચગાળાનો મનાઈહુકમ ફરમાવવા માટેનો વાદીનો પ્રથમદર્શનિય કેસ ના હોવાનું હાલની કોર્ટનું નમ્રપણે માનવું છે. આમ, હાલના કામે વાદી તર્ફે જે કરવામાં આવેલ રજૂઆત અને રજૂ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવા જોતાં વાદીનાઓની તરફેણમાં વચગાળાનો મનાઈ હુકમ આપવા માટેનો પ્રથમદર્શનિય કેસ જણાઈ આવતો નથી. વધુમાં જો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો, વાદી કરતાં પ્રતિવાદીનાઓના હકક હીતને નાણાંથી આંકી ના શકાય તેવું નુકશાન નિપજવાની સંભાવના રહેલ છે. વધુમાં સગવડતા અગવડતાની સમતુલા વાદી કરતાં પ્રતિવાદીનાઓની તરફેણમાં વધુ રહેલ છે કેમકે જો મનાઈ હુકમ આપવામાં આવે તો વાદી કરતાં પ્રતિવાદીઓને વધુ અગવડતા પડે તેમ છે. જેથી વાદી પક્ષે કરવામાં આવેલ દલીલને અગ્રાહ્ય રાખી પ્રતિવાદી તર્ફે કરવામાં આવેલ દલીલને માન્ય રાખી નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## **–:: હુ ક મ ::–**

૧.. વાદીઓની આંક–૫ ની વચગાળાના મનાઈ હુકમની અરજી આથી **<u>ના–મંજૂર</u>** કરવામાં આવે છે.

૨.. અરજી ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આજ રોજ તારીખ ૨૬ મી માહે સપ્ટેમ્બર સને–૨૦૨૫ ના રોજ આ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ: ૨૬/૦૯/૨૦૨૫
સ્થળ: ઉમરાળા

(ખાંટ યોગેશકુમાર કાભઈભાઈ)
પ્રિન્સિપાલ સીવીલ જજ, ઉમરાળા
જજ કોડ: જી.જે–૦૧૪૫૮

{Y.K.KHANT}
Principal Civil Judge, Umrala. Dt.26/09/2025